**રે.દી.મુ.નં.૧૬૫/૨૦૨૧ ના કામે આંક–૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ ::–**

---

૧. વાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજીની હકીકત તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું.

૨.૧ વાદીઓની આંક–૫ ની અરજીની ટૂંકી હકીકત એવી છે કે, જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ દહેગામ ના મોજે ગામ કનીપુરના ખાતા નં–૪૫૯ ના બ્લોક /સર્વે નં–૯૨૨ જેનો જુનો બ્લોક નં–૮૨૪ ની હે.આરે.ચો.મી ૧–૦૦–૩૩ યાને ૧૦૦૩૩ સમચ ચોરસ મીટર આકાર રૂ ૩.૮૦ પૈસાની જુની શરતની ખેતીની જમીન ના મુળ માલીક (૧) પટેલ શાન્તીભાઈ ખોડાભાઈ,(૨) પટેલ ભલાભાઈ ખોડાભાઈ ના કાયદેરસના સીધીલીટીના વારસદાર છે.સદર દાવાવાળી મીલતક (૧) શાંતિભાઈ ખોડાભાઈ, (૨) રતીલાલ ખોડાભાઈ,(૩) ભલાભાઈ ખોડાભાઈના નામે રેવન્યુ રેકર્ડ મા ચાલે છે જે પૈકી ભલાભાઈ ખોડાભાઈ કનીપુર ગામે આશરે ૬ માસ અગાઉ ગુજરી જવાથી તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો (૧) કમલેશકુમાર ભલાભાઈ, (૨) મુકેશકુમાર ભલાભાઈ,(૩) જયોત્સનાબેન ભલાભાઈ ના નામો ગામ રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોંધ નં–૨૧૪૪, તા ૧૩/૧૨/૧૯૯૩ ના રોજ વારસાઈની રૂઈએ દાખલ કરવામા આવેલ અને સદર નોંધ સક્ષમ અધિકારીશ્રી દવારા પ્રમાણિત કરવામા આવેલ છે.દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડ મા પટેલ શાંતિભાઈ ખોડાભાઈનુ નામ ચાલે છે અને તેઓ ૧૦ વર્ષ અગાઉ ગુજરી જવાથી તેમનુ નામ કમી કરી તેમના વારસદારોનુ નામ (૧) રાજેન્દ્રભાઈ શાંતિભાઈ,(૨) મહેન્દ્રભાઈ શાંતિભાઈ

ના નામો ગામ રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોંધ નં–૨૨૫૧ તા ૦૯/૦૬/૨૦૦૦ ના રોજ વારસાઈની નોંધ કરવામા આવેલ અને સદર નોંધ તા ૨૮/૦૯/૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામા આવેલ છે.દાવાવાળી જમીન પર શાન્તુભાઈ ખોડીદાસે ધી હીલોલ સેવા સરકારી મંડળી લી.માથી લોન લીધેલ અને તે અંગેની નોધ રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોંધ નં–૨૫૪૭ થી કરવામા આવેલ છે.આમ ઉપરોકત રીતે દાવાવાળી જમીન નુ રેવન્યુ રેકર્ડ જોતા દાવાવાળી જમીન અમો વાદીઓની વારસાઈ હકકની રૂઈએ કુલ સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને સળંગ અમો વાદીઓ તથા અમો વાદીઓના વડીલોના નામે રેવન્યુ રેકર્ડ મા સંયુકત ખાતેદાર તરીકે ચાલતી આવેલ છે અને ત્યારબાદ લગભગ સને ૨૦૧૬ ના વર્ષે મા તા ૨૫/૦૬/૨૦૧૬ ના રોજ ગામ રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોંધ ૩૫૧૮ ની પડાવવામા આવેલ અને સદર નોંધ વંચાણે લેતા દાવાવાળી જમીન લખી આપનાર તરીકે (૧) શાંતીભાઈ ખોડાભાઈ પટેલ, (૨) ભલાભાઈ ખોડાભાઈ પટેલ, (૩) રતીભાઈ ખોડાભાઈ પટેલ નાઓએ ગુજરનાર કુરેશી એહમદભાઈ હામુભાઈ ને તા ૨૪/૦૬/૧૯૮૭ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં–૧૩૦૩ થી વેચાણ આપેલાની નોધ કરવામા આવેલ જેથી અમો વાદીઓ દવારા સદર નોંધ સામે વાંધો લેતા મામલતદારશ્રી દહેગામના તકરારી કેસ નં–૫૭/૨૦૧૬ થી તા ૦૭/૦૩/૨૦૧૭ ના રોજ કરેલ હુકમ આધારીત સદર નોંધ ગત તા ૨૦/૦૩/૨૦૧૭ ના રોજ નાયબ મામલતદાર શ્રી દહેગામ દવારા નામંજુર કરવામા આવેલ છે, તેના ઉપર પ્રતિવાદીઓ દવારા મહે. પ્રાંત અધિકારી શ્રી ગાંધીનગર મા આર.ટી.એસ.અપીલ એસ.આર.નં–૧૬૬/૨૦૧૮ થી દાખલ કરેલ અને મહે. પ્રાંત અધિકારીશ્રી

દવારા પ્રતિવાદીઓની વિવાદ અરજી મુંજુર કરી ફેકફાર નોંધ નં–૩૫૧૮ ને પ્રમાણિત કરતો હુકમ ગત તા ૧૧/૧/૨૦૧૯ ના રોજ કરેલ જે હુકમ આધારીત આ કામના પ્રતિવાદીઓના નામ ગામ રેવન્યુ રેકર્ડ મા ગુજરનાર કુરેશી એહમદભાઈ હામુભાઈના વારસદારો તરીકે તા ૦૬/૦૨/૧૯ ના રોજ ફેરફાર નોંધ નં–૩૮૬૦ થી વારસાઈ હકકે દાખલ થયેલ છે અને સદર હુકમથી નારાજ થઈ અમો વાદીઓએ મહે.જીલ્લા.કલેકટરશ્રી સમક્ષ આર.ટી.એસ.રીવીઝન અપીલ દાખલ કરેલ છે.આ કામના પ્રતિવાદીઓ દવારા ગુજરનાર કુરેશી એહમદભાઈ હામુભાઈ નાઓની તરફેણમા તા ૨૪/૦૬/૧૯૮૭ ના રોજ કહેવાતો જે દસ્તાવેજ થયેલ છે તે અંગેની નોંધ ૨૯ વર્ષે બાદ કરવામા આવેલ અને આવો કહેવાતો દસ્તાવેજ અમો વાદીઓના વડીલ ભલાભાઈ ખોડાભાઈ નાઓ સને ૧૯૯૩ ના અરસામા ગુજરી ગયેલ છે જયારે પટેલ શાંતિભાઈ ખોડાભાઈ સને –૧૯૯૦ ના અરસામા ગુજરી ગયેલ છે અને તેઓએ સદરહુ કહેવાતો દસ્તાવેજ ગુજરનાર પ્રતિવાદી કુરેશી એહમદભાઈ હામુભાઈ નાઓની તરફેણમા કરી આપેલ નથી અને સદર કહેવાતો દસ્તાવેજ તેઓએ કરી આપેલ હોય તેવી હોઈ જાણકારી અમો વાદીઓને કરેલ નથી કારણકે સદરહુ દાવાવાળી જમીનના અન્ય ત્રીજા માલીક એટલે કે અમારા વડીલ રતીલાલ ખોડાભાઈ પટેલ નાઓએ સને ૨૦૦૧ ના અરસામા અવસાન થયેલ છે જયારે સદર કામના ગુજરનાર પ્રતિવાદી દવારા (૧) પટેલ શાંતિભાઈ ખોડાભાઈ,(૨) પટેલ ભલાભાઈ ખોડાભાઈ,(૩) પટેલ રતીભાઈ ખોડાભાઈ નાઓના નામનો જે દસ્તાવેજ બનાવેલ છે તે વખતે સદરહુ દાવાવાળી જમીનના અન્ય સહ માલીક દીવાળીબેન ખોડાભાઈનુ નામ રેવન્યુ રેકર્ડ મા ચાલતુ હતુ અને આવો કોઈ દસ્તાવેજ કરી આપવામા આવેલ હોય

તો અમો વાદીઓને ચોકકસ જણાવેલ હોત અને તેઓ દવારા ચોકકસ પણે સદર દસ્તાવેજ ને ચેલેન્જ કરેલ હોત પરંતુ અમો વાદીઓના વડીલો તથા ગુજરનાર કુરેશી એહમદભાઈ નાઓ મિત્ર થતા હતા અને ગુજરનાર એહમદભાઈ નાઓએ અમો વાદીઓના વડીલોની ખોટી અને બનાવટી સહી / અંગુઠાનો નીશાન કરી સદરહુ દાવાવાળી જમીનનો કહેવાતો વેચાણ દસ્તાવેજ તેઓના નામે સને ૧૯૮૭ ની સાલમા કરાવી લીધેલ અને જાણી જોઈને અમો વાદીઓના વડીલોના અવસાન બાદ ગુજરનાર પ્રતિવાદીના વારસદારો દવારા ૨૯ વર્ષે બાદ સદર વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ સને ૨૦૧૬ ના અરસામા કરવામા આવેલ છે અને જો ખરેખર ગુજરનાર પ્રતિવાદી કુરેશી એહમદભાઈ હામુભાઈ નાઓએ અમારા વડીલો પાસેથી કાયદેસર રીતે દાવાવાળી જમીન ખરીદ કરવામા આવેલ નથી અને જયારે અમારા વડીલો સને ૧૯૯૦,૧૯૯૩ તથા ૨૦૦૧ ના અરસામા ગુજર્યો બાદ તેમજ ગુજરનાર પ્રતિવાદી દવારા જે દસ્તાવેજ કરેલ તે વખતે દાવાવાળી જમીનમા દીવાળીબેન ખોડાભાઈનુ નામ ચાલતુ હતુ અને જો કહેવાતો દસ્તાવેજ સાચો હોય તો દીવાળીબેન ખોડાભાઈની કોઈપણ પ્રકારની સંમતિ લેવામા આવેલ નથી કે તેઓના હીસ્સો દાવાવાળી જમીનમા પોષાતો હીસ્સો પણ રાખવામા આવેલ નથી જેથી આવા ખોટા અને નકલી વેચાણ દસ્તાવેજ આધારીત ખોટી રીતે નોધ કરાવી દાવાવાળી જમીન ખોટી રીતે તેઓના નામ રેવન્યુ રેકર્ડ મા દાખલ કરાવી લીધેલ.,

૨.૧ વધુમા વાદી જણાવે છે કે,સદર કામના પ્રતિવાદીઓ દવારા ગામ રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોંધ નં–૩૫૧૮ ની તા ૨૫/૦૬/૨૦૧૬ ના રોજ કહેવાતો ખોટો વેચાણ દસ્તાવેજ નં–૧૩૦૩, તા ૨૪/૦૬/૧૯૮૭ વાળા

દસ્તાવેજ ની કરાવેલ અને સદર નોંધ તા ૨૦/૦૩/૨૦૧૭ ના રોજ નાયબ મામલતદાર શ્રી દહેગામ દવારા નામજુર કરવામા આવેલ છે અને ત્યારબાદ રેવન્યુ રેકર્ડ જોતા અમો વાદી નં–૬ કમલેશભાઈ ભલાભાઈ પટેલ નાઓએ સદરહુ દાવાવાળી જમીન ઉપર ન્યુ કનીપુર સેવા સહકારી મંડળી લી. માંથી લોનની ભરપાઈ કરી બોજા મુકવી અંગેની નોંધ નં–૩૫૮૨ તા ૦૧/૦૩/૨૦૧૭ ના રોજ કરવામા આવેલ છે તેમ છતા તે નોંધ સામે પ્રતિવાદી ઓ દવારા કોઈ પણ પ્રકારનો કોઈ વાંધો લેવામા આવેલ નથી તેમજ સદરહુ દાવાવાળી જમીનના મુળ માલીક પૈકી શકુંતલાબેન શાંતુભાઈ નાઓ તા ૦૭/૦૧/૨૦૧૫ ના રોજ અવશાન થયેલ છે અને તેઓના અવસાન બાદ તેમના વારસદારો (૧) નીમેશભાઈ અશોકભાઈ (૨) બીજલબેન અશોકભાઈ (૩) સ્વેતાબેન અશોકભાઈ ના નામે રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોંધ નં–૩૬૫૪ તા ૦૧/૧૧/૨૦૧૭ ના રોજ વારસાઈની રૂઈએ દાખલ કરવા સારૂ ની નોંધ થયેલ છે અને સદર નોંધ પ્રમાણિત કરવામા આવેલ છે. આમ જો સદર કામના પ્રતિવાદીઓ દાવાવાળી જમીનના કહેવાતા માલીક હોય તો સદર નોંધ નં–૩૬૫૪ સામે ચોકકસ પણે વાંધા લીધેલ હોત પરંતુ તેઓએ કોઈ વાંધા લીધેલ નથી.આમ આ કામના પ્રતિવાદીઓ ના વડીલ કુરેશી એહમદભાઈ હામુભાઈ નાઓએ અમો વાદીઓના વડીલોની જમીન ખોટી અને ગેરકાયદેસર રીતે પડાવી લેવાના એક માત્ર બદઆશયથી અમો વાદઓના વડીલોના નામનો ખોટો અને બનાવટી દસ્તાવેજમા અમો વાદીઓના વડીલોની સહી કરી અને તે દસ્તાવેજ મા અમો વાદીઓના વડીલો જે પ્રમાણે સહી કરતા તેનાથી વિપરીત સહીઓ કરેલ હોઈ જેથી સદર દસ્તાવેજ ખોટો અને ગેર કાયદેસર નો તેમજ અમો વાદીઓને અન્ય કરતો હોઈ

જેથી તા ૨૪/૦૬/૧૯૮૭ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં–૧૩૦૩ થી થયેલ વેચાણ દસ્તાવેજ ખોટા,ગેરકાયદેસરનો, બીનઅમલી, વોઈડ,છે અને અમો વાદીઓને બંધનકર્તા નથી અને રદ થવાને પાત્ર છે તેથી નામદાર કોર્ટ મા સદર દાવો તથા મનાઈ અરજી કરેલ છે.

૩. પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/નોટીસ બજતાં પ્રતિવાદીઓ જાતે કે વકીલ શ્રી મારફતે હાજર રહેલ ન હોય મારા પુરોગામી જજ સાહેબ શ્રી દવારા સદર કામ એક તરફે ચલાવવાનો હુકમ કરેલ છે, આથી પ્રતિવાદીઓનો તરફે કોઈ દાવા તથા મનાઈ અરજીનો જવાબ આપવામા આવેલ નથી.

૪. વાદી દવારા મનાઈ હુકની અરજીની આંક–૦૯ થી લેખિત દલીલો રજુ કરવામા આવેલ છે.

૫. વાદીની સદરહું આંક–૫ ની અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુ દ્દા ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના છે ?

૪. શું હુકમ

ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧. નકરામા

૨. નકારમા

૩. નકારમા

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના જવાબ માટેના આ કોર્ટના કારણો નીચે મુજબ છે.

***મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા :–***

પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

૬. વાદી દાવારા સદર દાવો સને ૧૯૮૭ ના વર્ષે ના દસ્તાવેજ ને રદ કરવા માટે તથા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે,વાદીએ તેમના દાવા ના સમર્થે ન મા નિ–૩/૧ થી પાવર ઓફ એટૅની ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિ–૩/૨ થી સને ૧૯૮૭ નો રજીસ્ટર દસ્તાવેજ ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.નિ–૩/૩ થી દાવાવાળી જમીન નો રેવન્યુ રેકર્ડ ગામ નમુનો નંબર–૭ તથા ૧૨ નો ઉતારો રજુ થયેલ છે.નિ–૩/૪ થી નોંધ નં–૩૫૧૮ નો રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે. સદર દાવો વાદી દવારા ૧૯૮૭ નો દસ્તાવેજ રદ કરવા માટે કરવામા આવેલ છે અને તેઓના કથન મુજબ વાદીના વડીલોએ આવો કોઈ દસ્તાવેજ કરેલ નથી વાદીના વડીલોની પ્રતિવાદીના વડીલે ખોટી સહી કરી સદર દસ્તાવેજ કરેલ છે આથી સદર દસ્તાવેજ નલ અને વોઈડ છે. નિ–૩/૨ થી વાદી દવારા દસ્તાવેજ કરવામા આવેલ છે જે દાવાવાળી મીલકતનો દસ્તાવેજ છે.સદર દસ્તાવેજ મા લખાવી લેનાર ના કોલમમા પ્રતિવાદી ના વડીલ કુરેશી એહમદભાઈ હામુભાઈ નો નામ જણાઈ આવે છે જયારે લખી આપનાર ના

કોલમમા (૧) શાંતિભાઈ ખોડાભાઈ,(૨) ભલાભાઈ ખોડાભાઈ,(૩) રતીભાઈ ખોડાભાઈ, એટલે કે હાલના વાદીઓના વડીલોનો નામ જણાઈ આવે છે.સદર દસ્તાવેજ તા ૨૨/૦૬/૧૯૮૭ ના રોજ નો રજીસ્ટર દસ્તાવેજ છે. પ્રતિવાદી દવારા સદર દસ્તાવેજ ની નોંધ તા ૨૫/૦૬/૨૦૧૬ ના રોજ પડાવેલ અને નોંધ નં-૩૫૧૮ પડેલ જે નોંધ સામે વાંધા રજુ થતા સદર નોંધ નામજુંર કરવામા આવેલ છે અને ત્યારબાદ સદર હુકમ ઉપર અપીલ કરતા સદર નોંધ તા ૦૧/૦૩/૨૦૧૭ ના રોજ મંજુર થઈ અને નોંધ નં-૩૮૫૮ પડેલ જેમા સર્વે નં-૯૨૨ વાળી જમીન બાબતે વેચાણ ની પડેલ નોંધ નં-૩૫૧૮ પ્રંમાણિત કરવામા આવેલ છે.જે રજુ થયેલ દસ્તાવેજ થી ફલીત થાય છે.આમ માત્ર રેવન્યુ રેકર્ડ મા દસ્તાવેજ ની નોંધ લેઈટ પડાવવાથી દસ્તાવેજ ખોટો છે તેમ કહી શકાય નહી.વધુમા વાદી ના જણાવ્યા મુજબ વાદીના વડીલ ઘલાભાઈ ખોડાભાઈ તા ૧૩/૧૨/૧૯૯૩ ના રોજ મરણ પામેલ છે, શાંતિભાઈ ખોડાભાઈ અગાઉ ૧૦ વર્ષે પહેલા ગુજરી ગયેલ છે પરંતુ કયારે ગુજરી ગયેલ છે તે જણાવેલ નથી.તથા રતીલાલ ખોડાભાઈ આશરે ૯ વર્ષે અગાઉ ગુજરી ગયેલ છે પરંતુ કયારે ગુજરી ગયેલ તે જણાવેલ નથી. આમ વાદીના ત્રણે વડીલો દસ્તાવેવ કરેલ ત્યારે હયાત હતા તે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી ફલીત થાય છે.વધુમા વાદી જણાવે છે કે,આ કામના વાદીના વડીલો એ જયારે પ્રતિવાદી ના વડીલને આ દસ્તાવેજ કરી આપેલ ત્યારે સદરહુ દાવાવાળી જમીન ના અન્ય સહ માલીક દીવાળીબેન ખોડાભાઈનો નામ પણ રેવન્યુ રેકર્ડ મા ચાલતુ હતુ, પરંતુ વાદી દવારા દીવાળીબેન ખોડાભાઈ નો નામ દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડ મા ચાલતો હોય તેવુ કોઈ રેવન્યુ રેકર્ડ આજદીન સુધી સદર કામમા રજુ કરેલ નથી આથી વાદીની દલીલ માની શકાય

નહી.વધુમા જો માની પણ લેવામા આવે કે દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડ મા વાદીઓના વડીલોની સાથે દીવાળીબેન ખોડાભાઈ નો નામ ચાલતો હતો તો આજદીન સુધી શા માટે દીવાળી બેને સદર દસ્તાવેજ સામે વાંધો કે તકરાર લીધેલ નથી અને વાદી દવારા શા માટે દીવાળી બેન ને સદર કામમા કોઈ પક્ષકાર તરીકે જોડવામા આવેલ નથી. વધુ મા વાદી જણાવે છે કે વાદી નં–૬ કમલેશભાઈ ભલાભાઈ પટેલનાઓએ સદરહુ દાવાવાળી જમીન ઉપર ન્યુ કનીપુર સુવા સહકારી મંડળી લી. માથી લોનની ભરપાઈ કરી બોજા મુકતી અંગેની નોધ નં–૩૫૮૨ તા ૧/૦૩/૨૦૧૭ ના રોજ કરવામા આવેલ છે.વધુમા વાદી જણાવે છે કે વાદી ન–૬ કમલેશભાઈ એ દાવાવાળી જમીન પર ન્યુ કનીપુર સેવા મંડળી સેવા સમીતીમાથી જે લોન લીધેલ છે તે ભરપાઈ થઈ ગયેલ છે જેની નોંધ–૩૫૮૨ થી નિ–૩/૪ થી રજુ થયેલ છે. માત્ર લોન ની ભરપાઈ કરવાથી સને ૧૯૮૭ નો દસ્તાવેજ ગેરકાયદેસરનો છે તેમ કહી શકાય નથી, આમ જે તમામ હકીકતો જોતાં વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ જણાય આવતો નથી તેવુ મારૂ માનવુ છે. આમ,જો માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈહુકમ આ કામના વાદીને આપવામાં ના આવે તો તેનાથી વાદીને કોઈ નુકશાન જાય તેવુ જણાતુ નથી. જયારે જો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં આવે તો તેનાથી પ્રતિવાદી ને વધારે નુકશાન જાય તેવુ જણાય છે. બેલેન્સ ઓફ કન્વીયન્સ તથા ઈરીપેરેબલ લોસ પણ રેકર્ડ ઉપર નો પુરાવો જોતાં વાદીઓની તરફેણમાં હોય તેવુ જણાતુ નથી. તેથી હું મુદા નં.૧થી૩નો જવાબ નકારમાં આપી મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

.

**હુ ક મ**

''**૧**'' વાદીની આંક–૫ની અરજી આથી, નામંજુર કરવામાં આવે છે.

''**૨**'' ખર્ચ અંગે કશો હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૯/૦૨/૨૦૨૪.**
**સ્થળ–દહેગામ.**

**( એ.એમ.સોની )**
**એડીશનલ**
**જ્યુડીશીયલ**
**મેજીસ્ટ્રેટ**
**દહેગામ**